# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-12-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

**************************************************

1) રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન રશિયા વાર્ષિક શિખર સંમેલન-મા ભારત23 માટે આજે ભારતનીમુલાકાતે.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રશિયાના સંરક્ષણ મંત્રી વચ્ચે દ્વિપક્ષીય વાતચીત.

3) ઓપરેશન સાગર બંધુ હેઠળ ભારતે શ્રીલંકાને બેઈલી બ્રિજ અને 500 જળ શુદ્ધિકરણ કીટ પહોંચાડી.

4) બંધ થઈ ગયેલા પંજાબી શીખ સંગતના ભૂતપૂર્વ પ્રમુખ , ગોપાલ સિંહ ચાવલા ના પાકિસ્તાન પર ગંભીર આરોપ.

5) ભારતે FEI એશિયન ઘોડસવારી સ્પર્ધા માં પાંચ ચંદ્રક2025જીત્યા.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# RUSSIA PREZ

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે આજે ભારતની  મુલાકાતે નવી દિલ્હી પહોંચશે.

બે દિવસીય મુલાકાત દરમિયાન  ,  રાષ્ટ્રપતિ પુતિન આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રો સહિત અનેક કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ રશિયન રાષ્ટ્રપતિના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે. સાંભળીએ એક અહેવાલ

(બાઇટ -- વિશાલ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH DM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રશિયાના સંરક્ષણ મંત્રી આન્દ્રે બેલોસોવ આજે નવી દિલ્હીમાં 22મી ભારત-રશિયા આંતર-સરકારી આયોગ પર લશ્કરી અને લશ્કરી-તકનીકી સહકાર મંત્રીસ્તરીય બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન , બંને નેતાઓ સંરક્ષણ ક્ષેત્રમાં ભારત અને રશિયા વચ્ચેના બહુપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરશે. તેઓ પરસ્પર હિતના સમકાલીન પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

મુલાકાત દરમિયાન, શ્રી બેલોસોવ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે અને ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ KERAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ સ્વદેશી ટેકનોલોજીઓને આગળ વધારવાનું ચાલુ રાખશે અને વિકસિત ભારતના નિર્માણના રાષ્ટ્રીય ધ્યેયમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. રાષ્ટ્રપતિ નૌકાદળ દિવસની પૂર્વસંધ્યાએ તિરુવનંતપુરમમાં આયોજિત નૌકાદળ ઓપરેશનલ પ્રદર્શનને સંબોધિત કરી રહ્યા હતા.

રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે નૌકાદળ હવે જટિલ પ્લેટફોર્મ સ્વદેશી રીતે ડિઝાઇન અને ઉત્પાદન કરવામાં સક્ષમ છે. તેમણે જણાવ્યું હતું કે સાગર પરિકલ્પના હેઠળ નવી પહેલો દરિયાઈ ક્ષેત્ર જાગૃતિને મજબૂત બનાવશે , માનવતાવાદી સહાય ક્ષમતાઓમાં વધારો કરશે અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત દરિયાઈ અર્થતંત્રની સંભાવનાનો ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, અને આ પ્રયાસોમાં નૌકાદળની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

નૌકાદળની શક્તિ અને લડાઇ તૈયારીનું પ્રભાવશાળી પ્રદર્શન દર્શાવતા ઓપરેશનલ પ્રદર્શનમાં 19 મુખ્ય યુદ્ધ જહાજો અને 32 વિમાનો સામેલ હતા , જેમાં ફાઇટર જેટ અને સર્વેલન્સ હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# OPERATION SAGAR BANDHU

ઓપરેશન સાગર બંધુ હેઠળ ગઈકાલે ભારતીય વાયુસેનાના વિમાને , શ્રીલંકાને બેઈલી બ્રિજ અને 500 જળ શુદ્ધિકરણ કીટ પહોંચાડી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે , ચક્રવાત દિતવાહને કારણે સંપર્ક વિહોણા માર્ગોને જોડવા બેઈલી બ્રિજ મદદરૂપ થશે. સાંભળીએ એક અહેવાલ...

(બાઈટ - ફારૂખી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJARAT-SIR

ગુજરાતમાં, મતદાર યાદીના ખાસ સઘન સુધારાના ભાગ રૂપે , 82 ટકાથી વધુ પરત આવેલા ગણતરી ફોર્મનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લાએ , ગઈકાલે ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટી , કોંગ્રેસ, આપ અને બસપા સહિત તમામ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી અને ચાલુ SIR ની પ્રગતિની સમીક્ષા કરી હતી.

આ ઝુંબેશ 11 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે , ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બરે પ્રકાશિત થવાની છે. સાંભળીએ અમદાવાદથી ,અમારાં પ્રતિનિધિ અપર્ણા ખૂંટનો અહેવાલ

(V/C-APARNA KHUNT)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો .
આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VISHVA VANYAJIV SANRAKSHAN DIWAS

**ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે . આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત થાય તે માટે દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસકાસ્ટ-અજય ઇન્દ્રેકર)**

*(એશિયાટિક સિંહ એ ગુજરાત અને ભારતની શાન છે. ગુજરાતના એશિયાઇ સિંહ રાજ્યનું ઘરેણું છે , ત્યારે તાજેતરમાં દાહોદના રતનમહાલ અભ્યારણમાં વાઘની ઉપસ્થિતિ નોંધાઇ છે , જે રાજ્યની સંરક્ષણ વારસાની સમૃદ્ધિમાં વધારો કરે છે . ગુજરાતમાં વર્ષ 2001માં સિંહની સંખ્યા 327 હતી, જે વર્ષ 2025માં વધીને 891 થઇ છે. છેલ્લી વન્યજીવ વસ્તી ગણતરી મુજબ વર્ષ 2023માં રાજ્યમાં સિંહ , મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત અંદાજે 21 પ્રજાતિઓની આશરે 9 લાખ 53 હજારની વધુની વસ્તી નોંધાઇ છે . જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ જ ળપ્લાવિત વિસ્તાર, તળાવ, સરોવરોમાં વર્ષ 2024 મુજબ 18 થી 20 લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છે , જે દર્શાવે છે કે તેમના માટે ગુજરાત પ્રથમ પસંદગીનું રાજ્ય છે, જેના પરિણામે ગુજરાત પક્ષીજીવન માટે સ્વર્ગ સમાન ગણાય છે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

..................................

# PAK GOPAL CHAWLA

ખાલિસ્તાનના હિમાયતી અને હવે બંધ થઈ ગયેલા પંજાબી શીખ સંગતના ભૂતપૂર્વ પ્રમુખ , ગોપાલ સિંહ ચાવલાએ પાકિસ્તાની અધિકારીઓ અને ગુપ્તચર એજન્સીઓ પર હેરાનગતિનો આરોપ લગાવ્યો છે. તેમણે પાકિસ્તાન પર લાંબા સમય સુધી કેદમાં રાખ્યા છે અને તેમના પર ખોટા આરોપો લગાવ્યા છે.

તાજેતરમાં જ સામે આવેલા ઓડિયો સંદેશાઓમાં , ચાવલાએ દાવો કર્યો છે કે તેમને છેલ્લા અઢી વર્ષથી ઘરમાં નજરકેદ રાખવામાં આવ્યા છે .'ખાલસા વોક્સ' ના એક અહેવાલ મુજબ , ચાવલાએ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાની અધિકારીઓએ તેમને સતત તેમના પરિવાર સાથે રહેવાની મનાઈ ફરમાવી છે , જ્યારે કેદના સમયગાળા દરમિયાન, તેમને તેમની પત્ની અને બાળકો સાથે માત્ર ચાર કે પાંચ ટૂંકી મુલાકાતો કરાવી હતી ... ચાવલાએ એવો પણ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાનમાં 300 થી વધુ ગુરુદ્વારા હા લમાં જમીન માફિયાઓના પ્રભાવ હેઠળ છે . આ ઉપરાંત તેમણે પાકિસ્તાન ઉપર અન્ય ગંભીર આરોપો લગાવ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EQUESTRIAN CHAMPIONSHIPS

ભારતે ગઈકાલે થાઈલેન્ડના પટાયામાં FEI એશિયન ઘોડસવારી સ્પર્ધા 2025માં પાંચ ચંદ્રક જીત્યા

આશિષ લિમયેએ વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે સાથી ખેલાડીઓ શશાંક સિંહ કટારિયા અને શશાંક કાનમુરી એ સાથે મળી ટીમ રજત ચંદ્રક જીત્યો.

ડ્રેસેજમાં, શ્રુતિ વોરાએ ત્રણ રજત ચંદ્રક જીત્યા ,જેમાં એક વ્યક્તિગત શ્રેણીમાં, બીજો ઇન્ટરમીડિયેટ ફ્રીસ્ટાઇલ- I માં, અને દિવ્યાકૃતિ સિંહ અને ગૌરવ પુંડિર સાથે ટીમમાં ત્રીજો. આ સ્પર્ધામાં પ્રથમવાર ભારતના 16 સભ્યોના પ્રતિનિધિમંડળે દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHILD MARRIAGE

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય આજે બાળ લગ્ન મુક્ત ભારત માટે 100 દિવસની સઘન જાગૃતિ ઝુંબેશની ઔપચારિક શરૂઆત કરી રહ્યું છે.

આ કાર્યક્રમ વિજ્ઞાન ભવનમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી અને રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુરની ઉપસ્માંથિતી યોજાશે. આ ઝુંબેશ બાળ લગ્ન મુક્ત ભારત પહેલના એક વર્ષ પૂર્ણ થતાં શરૂ કરાઇ છે . બાળ લગ્ન મુક્ત ભારત ઝુંબેશ ગયા વર્ષે 27 નવેમ્બરના રોજ શરૂ કરવામાં આવી હતી. 8 માર્ચ , 2026 સુધી યોજાનારી આ ઝુંબેશનો હેતુ બાળ લગ્ન સામે રાષ્ટ્રવ્યાપી અભિયાનને મજબૂત બનાવવાનો છે.

100 દિવસની ઝુંબેશને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવી છે. પ્રથમ તબક્કામાં શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં ચર્ચાઓ , નિબંધ લેખન, સંવાદ સત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે , બીજા તબક્કામાં બાળ અધિકારો અને સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા ધાર્મિક નેતાઓ અને પ્રભાવશાળી લોકો સાથે મળીને પ્રયાસ કરાશે .અને ત્રીજા તબક્કામાં ગ્રામ પંચાયતો અને મ્યુનિસિપલ વોર્ડને બાળ લગ્ન મુક્ત જાહેર કરવાના ઠરાવો પસાર કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં ડોલર સામે રૂપિયો 90. 21ના  સ્તરે અને એકાએક 200થી વધુ ફ્લાઈટ રદ સહિતના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
  સંદેશનું મુખ્ય શીર્ષક છે - ડોલર સામે રૂપિયો ઓલ ટાઈમ લો , 90.21 બંધ
  ફૂલછાબ નું મુખ્ય શીર્ષક છે - રૂપિયો ડોલરના મુકાબલે 90. 21 ના સ્તરે
- ગુજરાત સમાચાર લખે છે એકાએક 200થી વધુ ફ્લાઈટ રદ:પ્રવાસીઓ રઝળપાટમા
- નવ ગુજરાત સમયનું  મુખ્ય શીર્ષક છે-  indigoની નવેમ્બરમાં  1232  ફ્લાઇટ રદ , ડીજીસીએલ લાલઘૂમ
- દિવ્ય ભાસ્કર લખ્યું છે રાષ્ટ્રપતિ પુતીન આજે ભારતમાં , દસ લાખને  રશિયામાં નોકરી અને સંરક્ષણ સોદો સંભવ
- આ ઉપરાંત સરકાર નવા સ્માર્ટફોનમાં સંચાર સાથે એપ ફરજિયાત કરવાનો હુકમ રદ કર્યો, છતીસગઢમાં સુરક્ષા દળ સાથેની અથડામણમાં બાર નક્સલીઓ ઠાર ત્રણ જવાન શહીદ સહિતના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- બિલ્ડીંગ યુઝ પરમિશન ફાયર એનઓસીને લઈને કાર્યવાહી અમદાવાદમાં સોળ હોસ્પિટલ 10 શિક્ષણ સંસ્થા અને બે બેંકવેટ હોલ સીલ આ સમાચાર ને ગુજરાત સમાચાર છેલ્લા પાને પ્રકાશિત કર્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .